# સેકટર-૧-૮ ના કટ પાસે કારની ટક્કરે દંપતિનું મોત

## દંપતિ બાઈક પર બેસીને ઈન્દ્રોડા જઈ રહ્યું હતું, જયારે બાઈક ચાલકને ઈજા પહોંચતા સારવાર હેઠળ, દંપતિના મોતને પગલે શોકનું વાતાવરણ સર્જાયું

ગાંધીનગર, તા.૧૨

શહેરના ૧-૮ ના કટ પાસે સાંજના સમયે અજાણ્યા કાર ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેથી બાઈક પર સવાર ત્રણ વ્યકિતઓ ઉછળીને નીચે જમીન પર પટકાયા હતા. જેમાંથી ઈન્દ્રોડા ગામના દંપતિનું ઘટના સ્થળે જ ગંભીર ઈજાને પગલે કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે બાઈક ચાલકને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. દંપતિના મોતની જાણ થતા ઈન્દ્રોડા ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્દ્રોડા ગામના ભીખાજી ફતાજી મકવાણા ઈન્ફોસીટી નજીક એનઆઈસીએમ ખાતે પ્યુનમાં ફરજ બજાવે છે. જયારે તેમના કૌંટુબીક ભાઈ રાજુજી મકવાણા તેમજ સવિતા રાજુજી મકવાણા ઈન્દ્રોડામાં રહીને છુટક મજુરી કામ કરતા હતા. તેમના પરિવારમાં ત્રણ





દિકરીઓ અને બે દિકરા છે. દિકરીઓના લગ્ન થઈ ગયા છે. જયારે બે દિકરા અપરણિત છે. ગતરોજ સાંજના પાંચ વાગ્યાના અરસામાં બાઈક લઈને ભીખાજી ચ-૦ થઈ સર્કલથી પોતાના ઘરે ઈન્દ્રોડા જઈ રહ્યા હતા. તે સમયે તેમની પાછળ રાજુજી મકવાણા અને સવિતા મકવાણા પણ બાઈકની પાછળ બેઠા હતા. ત્યારે સેકટર-૧-૮ ના કટ પાસે પસાર કરી જ રોડ પ્રકૃતિ ઉધાન નજીક પહોંચતા જ એક કાર ચાલકે પોતાની કાર પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી પાછળની જોરદાર ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણેય જણા ઉછળીને માર્ગ પર પટકાયા હતા. જેમાં રાજુ મકવાણા અને તેમના પત્નિ સવિતાબેન ઉછળીને માર્ગ પર પટકાયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ થતા ૧૦૮ની ટીમ આવી ગઈ હતી. જેઓએ રાજુભાઈ મકવાણા અને તેમના પત્નિ સવિતા બેન મકવાણાનો ચકાસીને મરણ જાહેર કર્યા હતા.જયારે ભીખાજીને પણ ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.બનાવ અંગે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહ આજે વહેલા આવી પહોંચ્યા હતા અને સરકીટહાઉસ ખાતેના રોકાણ દરમ્યાન તેમણે વિસ્તારમાં ચાલી રહેલ કામગીરીની વિગતો અધિકારીઓ પાસેથી મેળવી હતી.

● રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી આજે મહાત્મા મંદિર વહેલા પહોંચ્યા હતા તેમણે જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે મહાત્મા મંદિર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહનું સ્વાગત કર્યુ હતુ અને આવકાર્યા હતા.

● મહાત્મા મંદિર ખાતે આજે મનપા અને ગુડાના યોજાયેલ કાર્યક્રમમાં મનપાના કાઉન્સીલરોની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી. જિલ્લા પંચાયતના સદસ્યો પણ ગેરહાજર હતા જો કે સંગઠ્ઠનના પણ આગેવાનોની હાજરી ઓછી જણાઈ હતી.

● મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલ અને જિલ્લા પ્રભારી હર્ષદભાઈ પટેલ ઉપસ્થિત હતા.

● મહાત્મા મંદિરનો નીચે હોલ ભરાઈ જતા આવેલા લોકોને ઉપર બેસાડવા પડ્યા હતા.

● મહાત્મા મંદિરમાં નરેન્દ્ર મોદી કો ભી જય સિયારામ અમિતભાઈ કો જય સિયારામના નારા લાગ્યા હતા.

● શહેરમાં આજે બે સરકારી કાર્યક્રમો હોવાથી તંત્રના અધિકારીઓ સતત દોડતા રહ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે આકાશ વાદળછાયુ હતુ પરંતુ બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

● આજે ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક બપોરે ૧.૩૦ કલાકે મળશે.

● મહાત્મા મંદિરમાં આજના કાર્યક્રમને લઈ આરોગ્યતંત્રની બે ટીમો દ્વારા સ્ક્રીનીંગ અને સેનેટાઈઝરથી હાથ ધોવડાવવામાં આવતા હતા.

# સાંતેજ ખોડલ હોટલની પાછળથી વિદેશી દારૂનું ગોડાઉન ઝડપાયું

## સાંતેજ પોલીસે ૨૮ લાખથી વધુનો વિદેશી દાર-બિયરનો જથ્થો તેમજ ગાડી અને ડાલુ મળી કુલ રૂ.૪૧,૬૬,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૨

સાંતેજ ગામ ખોડલ હોટલની પાછળ કોઠારી એસ્ટેટમાં પ્લોટ નં-૮૩૬ પૈકી ૧૨ માંઆવેલ આરસીસી પાટીયાની દિવાલવાળા ગોડાઉનમાંથી વિદેશી દારુનો જથ્થો મોટીમાત્રામાં મળી આવ્યો હતો. પોલીસે દારૂ- બિયરની કુલ-૧૧,૪૪૨ નંગ બોટલ કિં.રૂ.૨૮,૫૦,૬૦૦, મહીન્દ્રા પીકઅપ ડાલુ કિં.રૂ.૫ લાખ, હ્યુન્ડાઈ ક્રેટા કાર કિં.૮ લાખ, ૫ મોબાઈલ ફોન નંગ-૫ કિં.રૂ.૧૫,૫૦૦ મળી કુલ રૂ.૪૧,૬૬,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાંતેજ પોલીસ મથકના પીઆઈ એલ.ડી.ઓડેદરાએ પોતાના હદ વિસ્તારમાં ચાલતા દારુની પ્રવૃતિ પર અંકુશ મેળવવા સ્ટાફને જરુરી સુચનાઓ આપી હતી. ત્યારે સાંતેજ પીઆઈ પોલીસ મથકનો હવાલો સંભાળતા જ ગણતરીના સમયમાં સાંતેજ ગામ ખોડલ હોટલ પાછળ કોઠારી એસ્ટેટ ખાતે ટ્રાન્સપોર્ટના વેપારની આડમાં છેલ્લા એક વર્ષથી ધમધમતુ દારૂ-બિયરના જથ્થાનું ગોડાઉન ઝડપી પાડ્યું છે. જયારે પોલીસે દારૂના ગોડાઉન પરથી સુરેન્દ્ર લક્ષ્મીનારાયણ શર્મા, વિરેન્દ્ર રઘુવીર શર્મા ( રહે.વસંતવિહાર સોસાયટી નારોલ મુળ હરીયાણા), અલ્પેશ ઉર્ફે અપો રઘુનાથ બારોટ (રહે અવિનાશ હાઈટ એપાર્ટમેન્ટ શીલજ) ઝડપી પાડ્યા હતા. જે પૈકી સુરેન્દ્ર શર્મા (રહે. એ ૧૦૨ કર્ણાવતી એપાર્ટમેન્ટ નારોલ)એ કબુલાત કરી છે કે તે મુળ હરીયાણાનો વતની છે. એક વર્ષ અગાઉ ગોડાઉન શિવ પેકર્સ એન્ડ મુવર્સના નામે ટ્રાન્સપોર્ટના ધંધા માટે મયંક કોઠારી પાસેથી ભાડે લીધુ હતું. જયારે દારૂનો જથ્થો હરીયાણાથી લાવ્યા હતા. દારુના વેપારમાં તેનો પાર્ટનર જીગ્નેશ ઉર્ફે જીગો મહેશ પટેલ (રહે.સિલિકોન સ્કવેર સાયન્સ સીટી સોલા) છે.જયારે દારુનો હીસાબ તેનો દિકરો મધુર શર્મા રાખતો હતો. સાતેજ પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી જીપ ડાલુ, ક્રેટા ગાડી, સહિત મળી કુલ રૂ. ૪૧, ૬૬, ૧૦૦ નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.





## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તુ ચિંતા ન કર... કોરોનાની વેવ આવશે એટલે... મફત અનાજની સ્કીમ ચાલુ થઇ જશે...!!!

## કલોલ છેતરપિંડીના ગુનામાં ચાર વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર એલસીબીની ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે માહિતી પ્રાપ્ત કરવાની કામગીરીમાં કાર્યરત હતી. તે સમયે એલસીબીના એએસઆઈ જોગીન્દરસિંહ મેહરસિંહને બાતમી મળી હતી કે કલોલ તાલુકા પોલીસ મથકમાં નોંધાલેયા છેતરપિંડીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો આરોપી રમેશ ભગવાનભાઈ તડવી (રહે. ધામદ્રા, તાલુ ગરૂડેશ્વર, જી-નર્મદા) પોતાના ગામ ખાતે આવ્યો છે. જેથી પોલીસે આરોપીની વોચ ગોઠવી ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૧૨ પટેલ સમાજ વાડી ખાતે સકસેસફૂલ પેરન્ટીંગ કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા.૧૨

હાલના સમયે કે.જી લઈ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનમાં અને સોશ્યલ મિડીયામાં સતત કાર્યરત રહે છે. ત્યારે વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રત્યે બેદરકારી દાખવી અભ્યાસમાં નબળા રહી ન જાય તે જોવાની ખાસ જરુર છે. ત્યારે નવી પેઢીને ઉછેરવાની નવી પધ્ધતિ શીખવતો શૈક્ષણિક સેમીનાર શહેરની શૈક્ષણિક સંસ્થા એબીસી કલાસીસ દ્વારા સેકટર-૧૨ પટેલ સમાજની વાડી ખાતે યોજાયો હતો. જેમા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.

ત્યારે સકસેસફૂલ પેરન્ટીંગ કાર્યક્રમમાં જાણીતા લાઈફ મેનેજમેન્ટ કોચ પરિક્ષિત જોબનપુત્રા એ વાલીઓને સદ્દષ્ટાંત સમજ આપી સંતાનોને શિક્ષણ પ્રત્યે વધુને વધુ રસ રુચી જાગે,તેમના વ્યકિત વિકાસ સાથે કારકીર્દીનુ ઘડતર કેવીરીતે થઈ શકે તે અંગે મહત્વનું માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. વાલીઓ વિદ્યાર્થીઓએ મોટીસંખ્યામાં સેમીનારનો લાભ લઈ સુંદર આયોજન અને તક આપવા બદલ એસીબી કલાસીસના સંચાલકોને બિરદાવી આભાર વ્યકત કર્યો હતો. કોરોનાને મહામારીમાં બાળકોનો અભ્યાસ બગડ્યો છે ત્યારે તેને કાબુમાં કરવા માટે આ સેમીનાર ખુબ ઉપયોગી પુરવાર થયો છે. આ પ્રસંગે એબીસી કલાસીસના સંચાલક ભરત ચૌધરી, પરિક્ષિત જોબનપુત્રા, અશ્વિનભાઈ ત્રિવેદી, સમીરભાઈ ત્રિવેદી સહિત મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા.

## ગાંધીનગર મહાનગર ભાજપ વોર્ડ ૧૧ નાં આગેવાનો ની મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર દ્વારા અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપ વોર્ડ નં.-૧૧માં સમાવિષ્ટ ખોરજ બુથ નંબર ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬ , ૨૦૭અને ૨૦૮ના વિસ્તારક તરીકે પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈપટેલ (દાસ), સુનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા શક્તિ કેન્દ્ર ના સંયોજક તરીકે હર્ષદભાઈ પટેલ ની હાજરી માં ડોકટર સેલ ના કન્વીનર ડો. હસમુખભાઈ પટેલ દીપકભાઈ પટેલ,રમેશભાઈ પટેલ (વકીલ), ભીખાભાઇ પટેલ બુથ ૨૦૩, ૨૦૪ ,૨૦૫,૨૦૮, ના પ્રમુખ અન્ય આગેવાનઓ અને બુથની કમિટી હાજર રહી બીએલઓ-૨ અને બુથના વોટ્સએપ ઈન્ચાર્જ ની નિમણૂક કરવામાં આવી હતી.

# વકીલે જીવનમાં સંવેદના રાખવી ખૂબ જરૂરી છે : રાજેન્દ્ર ત્રિવેદી

## ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશન કચેરી દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત "કન્વીકશન રેટ સરકારી વકીલની ભુમિકા" વિષયના પરિસંવાદને ખુલ્લો મુકતાં કાયદા મંત્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી

ગાંધીનગર, તા. ૧૨

શિક્ષક સમાજને દિશા આપવાનું અને ઘડતર કરવાનું કામ કરે છે, તેમ વકીલ સમાજને બચાવવાનું કામ કરે છે, તેવું આજરોજ ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશન કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે આયોજિત "કન્વીકશન રેટ સરકારી વકીલની ભુમિકા" વિષયના પરિસંવાદમાં કાયદો અને ન્યાયતંત્ર, મહેસૂલ મંત્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું. પરિસંવાદને ખુલ્લો મુકી કાયદો-ન્યાયતંત્ર અને મહેસૂલ મંત્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી કહ્યું હતું કે કોર્ટમાં હમેંશા કોટ પેહરીને આવવું, ટાઈ બાંધવી જોઈએ, બટન બંધ રાખવા જોઈએ, આ બાબત તમામ વકીલમિત્રોને લાગું પડે છે. વકીલ સારો હશે, તો જજ સારા હશે, તો જ સરકારી વકીલ સારા હશે. સમાજને સારા વકીલની જરૂરિયાત છે. સારા વકીલો થકી જ સમાજને સાચા ન્યાય મળી શકશે. સાચા વ્યક્તિને ન્યાય મળશે તો જ સમાજનો વિશ્વાસ ન્યાયતંત્રમાં ટકી રેહશે.

જે વકીલનું વ્યક્તિત્વ સારું હશે, તે સારો વકીલ હશે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે વકીલે જીવનમાં સંવેદના રાખવી ખૂબ જરૂરી છે. કોર્ટમાં હાજર થનાર દરેક આરોપી આરોપી છે, તેવું વકીલે માની પણ ન લેવું જોઈએ. સરકારી વકીલ તરીકે વકીલની ભુમિકા કેવી હોવી જોઈએ, તેની ખૂબ રસપ્રદ દ્દષ્ટાંતપૂર્વક વાત તેમણે તેમની શૈલીમાં કરી હતી. વકીલ ન્યાય અને જ્ઞાનનો પૂજારી છે, તેવું કહી પ્રથમ ન્યાય વકીલ નહિ, પણ પોલીસ જ આપી શકે છે. કારણ કે પોલીસ કેસની તપાસ કરીને જે વિગત રજૂ કરે છે, તેના પર ચાર્જશીટ બનતી હોય છે. કાયદા સચિવ પી.એમ. રાવલે જણાવ્યું હતું કે ન્યાયતંત્ર માટે ઉત્તમમાં





તેમણે જણાવ્યું હતું કે કોઈ નિર્દોષને સજા ન થાય તેનું ધ્યાન હમેંશા વકીલે તેના જીવનભરની વકીલાત દરમ્યાન રાખવું જોઈએ. કન્વીકશન રેટ વધારવા માટે વકીલનું વાંચન હોવું જરૂરી છે. તેની સાથે સરકારી વકીલમાં હિંમત અને વાંચન હોવું ખૂબ જરૂરી છે. કોઈપણ કેસમાં વકીલે સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ તેનું મનોમથંન સાથે સાથે ઉંડાણમાં જોવું જોઈએ. તેમજ કેસની નાનામાં નાની બાબત પર કોર્ટનું ધ્યાન દોરવું જોઈએ. તો જ સાચો ન્યાય સમાજને મળશે. મંત્રીએ ન્યાય પ્રથમ તબક્કે જ મળવો જોઈએ, તેવો આગ્રહ વ્યક્ત કર્યો હતો. ઉત્તમ આપણે શું કરી શકીશું, તે દિશામાં આગળ જવાની વાતને પ્રાધાન્ય આપવું જોઈએ. કન્વીક્શન રેટ વધારવા આપણે શું કરી શકીશું જેનું આજે આપણે મનોમંથન કરીશું, તેવું કહી સરકારી વકીલની કન્વીક્શન રેટ વધારવા માટેની શું ભુમિકા છે, તેની પણ રસપ્રદ અને વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે કાયદાના સંયુક્ત નિયામક અને આઇ.પી.એસ. અધિકારી સુ.શ્રી વિધિ ચૌધરીએ આભારવિધી કરી હતી. આ પરિસંવાદમાં વિવિધ તાલુકા કોર્ટમાં સરકારી વકીલ તરીકે ફરજ બજાવતા વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના યુવકે વ્યાજખોર મહિલા સામે ફરીયાદ નોંધાવી

## મુદ્દલ અને વ્યાજ ચુકવી દીધા બાદ પણ મહિલા વ્યાજખોર યુવક પાસેથી વધુ રૂપીયાની માંગ કરતી હતી, યુવકના કોરા ચેક પણ પરત કર્યા ન હતા.

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના બોરીજ ગામના યુવકે કાર લેવાની હોવાથી પરિચિત મહિલા પાસેથી રૂ.૩ લાખ વ્યાજે લીધા હતા. યુવકે વ્યાજના રૂપીયા ચુકવી દીધા બાદ પણ મહિલા રૂપીયાની માંગણી કરતી હતી. જયારે યુવકે પૈસા લેતી સમયે આપેલા કોરા ચેક પણ મહિલા આપતી ન હતી અને વધુ રૂ.૩ લાખની માંગ કરતી હતી. વ્યાજખોર મહિલા યુવકને ગાળાગાળી કરી જાતિ વિષયક શબ્દો બોલી અપમાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હરેશ મોહનભાઈ પરમાર (રહે.સેકટર-૨ બી મુળ રહે બોરીજ) એ માર્ચ ૨૦૨૨ માં ગાડી લેવાની હોવાથી પરિચિત અને ઓફિસમાં અધિકારી તરીકે ફરજ બજાવતા હિનાબેન નટવરલાલ સોની (રહે. સે-૪ ડી પ્લોટ નં.૯૩૦-૨) પાસેથી રૂ.૩ લાખ વ્યાજે લીધા હતા.જયારે રૂપીયાની સલામતી માટે યુવકે બેંકના કોરા બે ચેક આપ્યા હતા. ત્યારબાદ હિનાબેનની ઉઘરાણીથી કંટાળી યુવકે ગાડી વેચાણ કરી તેમના બાકી રૂ. ૧,૬૦,૦૮૦ ગુગલ પે અને રૂ.૨.૧૮ લાખ રૂપીયા રોકડા મળી કુલ ૩,૩૪,૦૮૦ લાખ રૂપીયા ચુકવી દીધા હતા. યુવકે રૂપીયા અને વ્યાજ બધુ ચુકવી દીધા બાદ હિનાબેન પાસેથી કોરા ચેક લેવા માટે પેથાપુર સ્થિત રાધિકા જવેલર્સ ખાતે ગયો હતો. જેથી રૂપીયા આપવામાં મોડુ કર્યું છે તેમ કહી રોજના રૂ.૫ હજાર પેનલ્ટી ગણી રૂ.૩ લાખની ઉઘરાણી કરી હતી. જયારે રૂપીયા નહી આપુ તો પત્ની અને પિતા સામે ફરીયાદ કરશે.

# કલોલ ખોરજાપરા ગામેથી ૧૩ જુગારી ઝડપાયા, ૪ ફરાર



ગાંધીનગર, તા. ૧૨

કલોલ તાલુકાના ખોરજાપરા ગામની સીમમાં ચાંમુડા માતાજીના મંદિરની બાજુમાં જુગારની બાજી માંડીને બેઠેલા એક મહિલા સહિત ૧૩ જુગારીઓને એલસીબી પોલીસે દબોચી લીધા છે. જયારે પોલીસને જોઈ જુગારીઓ ભાગદોડ મચાવી હતી.જેમાં ચાર જુગારી ભાગી જવામાં સફળ રહ્યા છે. જયારે પોલીસ દાવ પરથી તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડ રૂ. ૧,૯૬,૮૦૦ અને મોબાઈલ નંગ-૧૨, બે વાહનો, સહિત કુલ રૂ.૪,૧૪,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.